Extra No. 116

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, APRIL 24, 2026 / VAISAKHA 04, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી અન્વયે.

નં.પીઓએલ(૧)/સ્થા.સ્વ.ચૂં./વશી/૧૨૧૯-૮૦/૨૬.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયત) સામાન્ય ચૂંટણી/પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લાની ૦૧ મહાનગરપાલિકા, ૦૪ નગરપાલિકા, ૦૯ તાલુકા પંચાયતો અને ખેડા જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાનાર છે તેમજ ૦૨ નગરપાલિકા (મહેમદાવાદ અને મહુધા) પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૬/૦૪/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીઓમા થયેલ મતદાનની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. ખેડા જિલ્લામાં સદર ચૂંટણીઓના સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચૂંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, -૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ સ.ક.૦૬:૦૦ વાગ્યા થી મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ખેડા જિલ્લાના તમામ મતગણતરી કેન્દ્રોના સ્થળથી ૨૦૦ મીટર સુધીની ત્રિજ્યામાં નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું કે,

1) ચાર કે તેથી વધુ માણસોએ એક સાથે ભેગા થવા પર.

2) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સુત્રો પોકારવા પર.

3) જાહરે સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવા પર.

4) કોઈપણ વ્યક્તિએ લાઠી અગર ઈજા થાય તેવા કોઈ હથિયાર સાથે રાખીને ફરવા પર.

5) કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવો કોઈ પદાર્થો સાથે રાખવો પર.

6) તમામ મતગણતરી કેન્દ્રો અને તેની આસપાસના ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, પેજર, મોબાઈલ ફોન અને તેને આનુષંગિક ઈલેકટ્રોનિક્સ ગેઝેટસ/એસેસરીઝ સાથે રાખવા તથા તેના ઉપયોગ ઉપર.

વિસ્તાર:- ખેડા જિલ્લાના તમામ મતગણતરી કેન્દ્રો અને તેની આસપાસના ૨૦૦ મીટર વિસ્તાર.

અપવાદ:- આ હુકમ નીચે જણાવેલ વ્યકિતઓને લાગુ પડશે નહીં.

1) ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તથા ચૂંટણી સાથે સંકળાયેલ પોલીસ અધિકારીશ્રીઓ.

2) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીએ આ અર્થે ખાસ રીતે અધિકૃત કરેલ હોય તેવી બીજી વ્યકિતઓ.

3) ચૂંટણી આયોગ દ્વારા અધિકૃત અધિકારીશ્રીઓ.

શિક્ષા:- આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીયાદ, તા.૧૬/૦૪/૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયે

નં.પીઓએલ(૧)/સ્થા.સ્વ.ચૂં./વશી/૧૨૮૧-૧૩૪૨/૨૬.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/નગરપાલિકા/ જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયત) સામાન્ય ચૂંટણી / પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લાની ૦૧ મહાનગરપાલિકા, ૦૪ નગરપાલિકા, ૦૯ તાલુકા પંચાયતો અને ખેડા જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાનાર છે તેમજ ૦૨ નગરપાલિકા (મહેમદાવાદ અને મહુધા) પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૬/૦૪/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીઓમા થયેલ મતદાનની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. જેથી જિલ્લામાં શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેમજ જાહેર સુલેહશાંતિ, જાહેર વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તે માટે જિલ્લામાં આવેલી નશીલા પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લીકરશોપ), હોટલો, રેસ્ટોરન્ટ, કલબો તથા બીજી સંસ્થાઓને ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ બાબતે ચોક્કસ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો-નડિયાદ, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુકત પદાર્થોનાં વેચાણ માટેના પરવાના ધરાવતા હોય તેવા દુકાન, રેસ્ટોરન્ટ, કલબો, હોટલો કે અન્ય કોઈ પણ સ્થળ પરથી તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ સાંજના ૧૮/૦૦ કલાક થી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ રાત્રિના ૨૪/૦૦ કલાક સુધી તેમજ તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ એટલે કે મતગણતરીના દિવસે સવારના ૦૬/૦૦ કલાક થી રાત્રિના ૨૪/૦૦ કલાક સુધી દારૂ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને "ડ્રાય ડે" તરીકે જાહેર કરવા હુકમ કરૂ છું.

વિસ્તાર:-

- ખેડા જિલ્લા પંચાયતમાં સમાવિષ્ટ વિસ્તાર.
- નડીઆદ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તાર.
- ખેડા જિલ્લાની ૦૪ નગરપાલિકાઓ (કપડવંજ, કઠલાલ, કણજરી અને ઠાસરા) માં સમાવિષ્ટ વિસ્તાર.

- ખેડા જિલ્લાની ૦૮ તાલુકા પંચાયતો (નડીઆદ, ખેડા, વસો, માતર, ઠાસરા, ગળતેશ્વર, મહુધા, મહેમદાવાદ અને ફાગવેલ) માં સમાવિષ્ટ વિસ્તાર.

- ખેડા જિલ્લાની મહેમદાવાદ નગરપાલિકા (વોર્ડ નં.૦૧ અને વોર્ડ નં.૦૫) અને મહુધા નગરપાલિકાના વોર્ડ નં.૦૫ માં સમાવિષ્ટ વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩, ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૬૮ અને કલમ-૯૦ની જોગવાઈઓ તેમજ લોક પ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમ, ૧૯૯૬ દ્વારા દાખલ કરવામાં આવેલ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(સી)(૨) મુજબ કેદ અથવા દંડ અથવા બને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીયાદ, તા.૧૬/૦૪/૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ

નં.પીઓએલ(૧)/વશી/૧૨૪૮-૬૦/૨૬.-શૈક્ષણિક વર્ષ-૨૦૨૬માં D.EL.ED અભ્યાસક્રમનાં દ્રિતીય વર્ષમાં નિયમિત અભ્યાસ કરતાં તથા પુનરાવર્તિત તાલીમાર્થિઓની વાર્ષિક લેખિત પરિક્ષા અને D.P.S.E સંસ્થાઓમાં અભ્યાસ કરતાં દ્રિતીય વર્ષના નિયમિત તેમજ પુનરાવર્તિત પરીક્ષાર્થીઓ માટેની બાહ્ય લેખિત પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ કલાક તેમજ બપોરે ૧૪:૦૦ થી ૧૭:૦૦ કલાક દરમ્યાન સદર પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લો, નડીઆદનાઓએ તેઓના તા.૧૭/૦૪/૨૦૨૬ ના પત્ર જા.નં./જિ.શિ.અ./ખેડા/૨૦૨૬/d.el.ed/D.P.S.E થી અત્રે દરખાસ્ત કરેલ છે. ઉકત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ સાથે બિડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર:-

અનુસૂચિત પરીક્ષા કેન્દ્ર તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો:-

પરીક્ષાર્થી અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું, કોઈ પણ ઈસમે કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/ કરાવવું, આ રીતના કોઈપણ પ્રેરણ કે પ્રયાસમાં જો ફરજો પરના સુપરવાઈઝરશ્રી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ થવું, પ્રામાણિક પણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા સેવવી, પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈ પણ વસ્તુ, ઈલેકટ્રોનીક ગેઝેટ જેવા કે ફેકસ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીન, કોપીયર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઈલેક્ટ્રોનીક ઉપકરણો, સેલ્યુલર ફોન, મોબાઈલ, સ્માર્ટ વોચ, પેજર, હેન્ડ સેટ, વોકી-ટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ વિગેરેનો ઉપયોગ, ઝેરોક્ષ કાઢવાની કામગીરી, ઝેરોક્ષ નકલોનું વહન કરવું કે કરાવવામાં ફરજો પરના તમામ માણસોએ મદદગારી કે દુપ્રેરણ કરવા પર પ્રતિબંધ રહેશે.

સમયગાળો:-

તા.૨૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ દરમ્યાન ૧૦:૦૦ કલાક થી ૧૭:૦૦ કલાક સુધીના સમયગાળા માટે (ખેડા જિલ્લાના આ સાથે સામેલ અનુસૂચિ મુજબનાં કેન્દ્ર પર પરીક્ષા હોય તેને અનુરૂપ)

શિક્ષા:-

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ડી.એલ.એડ-ડી.પી.એસ.સી-પરીક્ષા-૨૦૨૬

પરીક્ષા સ્થળનું નામ	સરનામું
સી એમ પટેલ હાઈસ્કૂલ, ડભાણ તા.નડીઆદ જિ-ખેડા	NH- નંબર-૪૮,, ડભાણ ચોકડી, જીત પેટ્રોલપંપ પાછળ, ડભાણ તા. નડીઆદ જિ-ખેડા, પીન-૩૮૭૩૨૦

ખેડા-નડીયાદ, તા.૨૦/૦૪/૨૦૨૬.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:25:30 IST